મેનાં પોપટની વાર્તા.

બત્રીસ પુતળીમાંની પ્રંદ્દા નામની પંદરમી પુતળી બોલે છે તે વારતા ભોજરાજા સાંભળે છે.

છપાવી પ્રસિધ્ધ કરનાર.

શા૦ કીલાભાઈ દલપત

કીમત ૦-૧-૬

નકલ ૨,૦૦૦

આ ચોપડી (અમદાવાદ સમાચાર છાપખાનામાં) છાપી પ્રસિધ્ધ કરી.

૪૯૩૦

मेनां पोपटनी वार्ता.

બત્રીસ પુતળીમાંની વરંદા નામની પંદરમી પુતળી બોલે છે તે વારતા ભોજરાજા સાંભળે છે;

(શ્રી ગણેશાયનમઃ શ્રી શારદાય નમ.)

ચોપાઇ.

શ્રી ગણપતીના પુજુ પાય, સુધબુધનો સ્વામી રૂડો રાય;
સિધી દેયણ સુખદાતા દેવ, શુભ કામ સદા શુભ સેવ. ૧
સહુ કવી આગળ કહું કરજોડ, કહું રખે કાંઈ દેતા ખોડ;
ગણ અક્ષર લહું નહી ભેદ, ક્ષણું માત્ર ન કરશો ખેદ. ૨
ભોજરાજ ભારે ભડભુપ, અતોલતેજ અધિપતનું રૂપ;
ભાએગે પોતાને મન ભાવિયો, લાખેણું આસન લાવીયો. ૩
રહેજે સ્પરશ કરે જેટલે, વરૂંદા પુતળી બોલી તેટલે;
ભુપત ભોજ તું ન કરીશ ભાર, વિક્રમ સરખો નહી દાતાર. ૪
પારકુ દુખ દેખીને દાઝ, પર કાજ કરે તન તાજ;
તેવા થાઓ તો પાગજ ધરો, નહિતો પ્રીતે પુજા કરો. ૫
પગ ખેંચી જોડયા બે પાણ, કહે વિક્રમ મહીમા ગુણવાન;
પ્રીત કરી બોલી પુતળી, ભોજ રાજા લેજે સાંભળી. ૬

દોહરા—વરંદા કહે તુંજ ભોજ સુણ, સાંભળયું હસેકાન; પુછી જુઓ પુરાણમાં, જેહ લખ્યાં છે પાન ઉજેણી અતિ રળી; આમણું, નવ તેરી નિજ નામ; પવિત્ર ભોજ તીરથ તપ, ગુણ સાગર એ ગામ, એક સમે રાજા ચડયો, સેના સહીત શીકાર

હેઈ દદામાં દુંદભી અલખત અપરમપાર. અસ્વ અધિપતીએ મેં ડીયો, ગંયો વેગળો વંન; બીજે મારગ સેના વળી, કોઇ ન જાણે અન્ય; દવ બળતો દીઠો જહાં, રાજા પોહોત્યો ત્યાંય; નાસે જનાવર કો દશા, મહીપત પોહોતો ત્યાંય. કઉતક દીઠું કારમુ, રાજાએ તે દીશ; પોપટ છે એક પીલડો, રાતી મણીછે શીશ; નાહયો જઈનદી બિસે, ધરયું ઈશવરનુ ધ્યાન; દવમાં પડવા દલ ધરયું, મનસા સીધે માન. વિચાર કરયો મન વિકરમે, પખી નાહાં જાય; પોપટ કેમ પાસે રહયો, એ તો અચરત થાય. રતું કરી તેણે સુરની, પડેઅ ગનીમાં જેમ; માં માં કહીને સમ દીધા છે સહસ્ત્ર કસમ ઇસ્વ ર આણુછે તુજને, રામદુવાઈ રાખ; જો પડે તું દવ વિસેતો શ્રી સુરજની શાખ. પોપટ તો પડતો પડતો રહયો બોલો વિક્રમને હાથ; શા માટે તમે સમ કરયા, બોલ્યો તેને સાથ, જા મારગ તુ તાહરે, પરવર પોઢે પંથ; હું માહારી હોંસે બળું તહારે શાની ચંત સતવાદી કહે શુક સુણો, આપ હત્યા કરે આજ; કીયાં છોકરાં બરણુવવાં, કીયુ જાયછે રાજ પોપટ કહે પુછયા તણો, તાહારે શાને અરથ; દુખ સુણી શું પામશો, ગાંઠ ઘણેરો ગરથ, જે કામે તમો આવીયા, તેહ કરીને જાઓ; પડવા દો મને પાવકે, ખોટી શાને થાઓ. આપ દુખ જે કો કહે તેહનું મુરખ નામ; સાંભળીને તું શું કરે કરી શકે મુઝ કાજ. વચન દીધું તે વિક્રમે, લે પરીયા નો કોલ; ભાગું સંકટ તાહરૂં, સત્ય વચન તું બોલ ઈશવર આ ખુ સાચુ કહે, દીલ કેરૂ તુજ ગમસે જો ગોવિંદને સ્હેજે કરૂં હુસુખ પંખી કહે પ્રીછુ અમો, પ્રથમ તમારૂ નામ; કયાંથી આવ્યા કોણ છો કયાં વસવાનો ઠામ નગર ઊજેણીનો નરપતી, વિક્રમસેન વડ વીર, સેવક ગણી બ્રહ્મણ તણો, પરમ બાતવડ ધીર. સવારનો શી

કારને, હું આવ્યો આ વંન. અરવ બેંથી ઊભો રહયો તુને તં જાતાં દીઠો તન. અધ અંત ઊત્પન લગી, કહે તું વીગત વાત સુખ કરે તને સેહેજમાં, મોટી હરસીધ માત.

ચોપાઈ—કહે શુક સાંભળ માહારાજ, માહારા દુખ કેરૂ એ કાજ; રાજવંસી નગરનો ભુપ, ભુપતસંગ એક ભારે ભુપ. તે નગરનો સેઠ સુજાણ, પરેમચંદશા તેનું નામ; પુસ્પસેન તેનો સુત હોય બત્રીસ લક્ષણો જુગતે જોય. તેને મજશું અદકી પ્રિત, વીનોદ વાત કરે બહુ રીત; એક સમે બેઠાં એકાંત, કહી વાત ભાગી મન ભ્રાંત વિધવાએ લખ્યુ કયાં હસે મારો વીવાહ તે કયાં થસે મુજમાં તેનું ગ્નાનછે ઘણું તે કારણ કહ્યું તે તણું મછાવતી નગરી છે એક, માનસંગ મહીપત ીવેક; ટેકચંદશા તેનો સેઠ,પદમ લોચના પુત્રી એક. તાંહાં વીવાહ થાસે તાહરો,સાચો બોલમાને માહરો તે કન્યાની પાસે રહે, મદન મોહની મેના કહે. તે મેના પણ ચતુર સુજાણ તેને મન પણ આવ્યું ગ્નાન, પદમલોચના કહે મેના સુણો, પુંછુ વાત જાણો તે ભણો; માહરો વીવાહ મળસે કયાં ને જાણો તો કહોને હયાં મેનાએ કરસ્યુ તે કામ, પુષ્પચંદનુ લીધું નામ. વધ્યો હરખરે લક્ષણ લહ્યુ પદમણીરે પોતાનુ કહ્યુ શ્રીફળ મોકલીયાં દેઇ માન, આવી પરણુવા જુગતે જાન તેના કુલની રીતે કરી તે વરને તે કન્યા વરી કન્યા વળાવી તે સાથમાં હોસે મેના આવી હાથમાં હેત પીતને ઉલટ ભેર, આવી આપ પોતાને ઘેર કનંક પાંજરૂ પોપટ તણું નગર સેઠને હેતજ ઘણું મેના તે મુકી ત્યાંહાં એકઠાં શુક સારીકા બેરહયાં એકઠાં શુક સારીકા બે રહયાં શુભ મેના દીઠી તે ઠામ વાંધ્યો પોપટનેમન કામ; જોરાવરી જારી નવ હોય કામની સાથે કરે કોપ હાલા વાલા

કીધા ઘણાં. વનીતા રજીત વાખીયા તણાં.મેના કહે મુજસામુ જોય તો નીસ્ચે પ્રાણ તું તારો ખોય. મુજ સામુ જોડે તું આંખ, તો તોડી નખાવુ તારી પાંખ; અરસ પરસ બહુ રાઢે રીત,ઘડી એકમાં કરે બહુ પ્રીત, નરકેનારી કામ વશ હોય, તે વેળા ઇષ્ટદેવદેવ કોય.

છપ્પો—શો કાયર એક સુર પેહેલાંતો તે પણ નાશે; કાજળ કોટડી માંહે તાંહાં ડાહયો થઈ બેશે, સગ તજે ને જેહ, તેહનેપ ગસે પાશે અડે રેખ ઘણું ખશે પણ બીજું કાંઈ બેષે. કામની સંગ કામી પુરૂપ કામ વશ થાએ સહી; શામળ કહે રાજન પુરૂપ પરનારી નેહ કરસો નહી. ચોપાઇ—તે પોપટને વાધો કામ ચુ કયો ચીતથી તેણે હામ; જોરાવરી કરી તેણે જાર, કોપી તેતો મેના નાર. પ્રાતસકાલ થયો જાહરે, સઉ સુતાં ઉઠયાં તાહરે લીધી ના રીએ મેના હાથ, સેઠ બોલ્યો પોપટની સાથ એક એકને પ્રીતજ ઘણી બોલાવવા. માંડી આપણી; ત્યારે મેના બોલી ત્યાંહ, બેઠીના રીના કર માંહ. ગુંજ વાત ભણી ને કહી, રાત સમે વીતક જે થઇ; જો પોપટને મારે તું. તો તારે ઘેર આવુ હું માહારા વરત તણો જે ભંગ, અભડાવ્યુ હમારૂ અંગ; એ પોપટ ને શુળીએ દો નહી તો માહરી હત્યા લ્યો. કારણ રાત તણું જે થયુ રાણી રાજા આગળ કહ્યું હમને વાહાલો તેછે ઘણો, મહા અન્યા પડયોતે તણો! શેઠ કહે શુક સાંભળ વાત, સાચુ શું વીત્યું રાત; આપણુ બેઉ છીએ એકાંત, સાચું કહે નવ રાખીશ ભ્રાંત. કહે પોપટ શાંભળ મહારાજ, વાત કરતાં આવેછે લાજ; રાત એક એ પાસે રહયો. પરેમહાને કામ પેદા થયો, નારી આગળ નરનું શું જોર. કીધે ચુંવનીએ મુજને ચોર, રાણી આગળ થાએ સતી, વાંક નથી અ

મારો રસી, શેઠ કહે મેનાંનો વાંક, ચુકાવ્યો પોપટ મારો રાંક, જુવંતી જુઠી નીશ્ચે હોય, પુરૂષ વાંક નવ કાહાડે કોય, શેઠાણી કહે મેનાં સુંદરી, કંથ આગળ મને જુઠી કરી; કહે સારીકા સુ નો પેર, પુરૂષ ભુંડાછે ઘેરેઘેર; નરનારી સાચું સાંભળો, મુકીદો ભુંડા પુરૂષ તણિ કહું વાત. જુઠી જાણજો નરની જાત. લખ નોર એક લાયક છે ગામ, નારસંગ નરપતનું નામ; લખેશરી માં હે ધનશાહ વસે, ધનક્ષય નામે તન એક વશે. પુસ્પક પાટણને રાજન, શુભ સકોમળ તેનું મન. મધુચંદશા મોટો શેઠ, તેનેપ્રે મની પુત્રી એક પેટ ધનરાય સાથે વીવા કીધ, શ્રીફળ સોંપી કી ધું સીધ, કુળ આચાર રાજસ ગુણ રીત. પરણાવ્યાં વરકન્યાપ્રી ત. મીનારક આવ્યું તે પેર, કન્યા રહી પોતાને ઘેર; ત્યારપછી જે વીતક થાય, તે સાંભળો કહુંછું માય.

દોહરા—વર તણો પીતા મુઓ ગયો વણજ વેપાર; કપુ ત ઉઠયો કુલક્ષાણો, અવગુણ અપરંપાર. રમે જુગટુ રાડકા ગુણ કાને ઘેર જાય, દામ સઘળો દેહવટ ગયો, કપુત જણાયો કાય. વેચાં મંદાર માળીયાં વેચ્યાં વસ્ત્ર શણગાર. વેચ્યાં ચોપડા ચીતથી ખોયો નગરમાં કાર અન્ન નમળે ઉદર ભરી, નમળે દમડો દામ. અન્યા અધરમ ચાલે ઘણો, કરે કુડાં નીત કામ દામ જાતાં દુ નીઆ ગઈ, ગયું સગપણ સરવે સાથ, અકલ બુદ્ધી આગળ ગ ઇ આવી અદકી અનાથ. ગયો ગામ સસરા તણે તેણે દીધાંમાન ભલે સેઠ પધારીયા, આપ્યાં ફોફળ પાન, વસ્ત્ર આભુષણ ભાત ભાતનાં, ખાનપાન રીધરીત; જામાત્ર જાણી જુગતશું પુરણ કી ધી પ્રીત. રાખ્યો પુરણ પ્રીતશું અવધ એકજમાસ સાસરવાસ મુજ કરયો, અતિ આણંદ ઉલાસ, શામા વળાવી સાસરે, કોડે

સાથે કંથ, કોઈ બીજું તે કેડે નાહી. પરવરીઓ પંથ. શાગા છે માહાસતી શીરોમણ સુંદર રૂપ. પ્રિતીપાલ પતીની કરે ભકોડે ફેરી ભુપ વીસ દીવસ થયા વાટમાં, આવ્યું અરણ તે એક વીચારયું મન વાણીએ, વીપરીતછે વીવેક. દેવુ માથે દોહલુ રે હેવા નહીં ઘરસુત્ર, ચરચા જોશે ચંચની, આ નગરશેઠનોપુત્ર લાજ જસે મુજ લોકમાં કરે કામની ઘાત, મુજઘેર રહે નહીમા નની જાણસે એનો તાત, કંથ કહે સુણ કામની, સોંપે મને શ્રૃણગાર, વાટે વીઘન હોએ ઘણું તસ્કર અપરંપાર, ઘરેણાની ગઠડી રાખી પોતાને પાસ. પાળો પંથે પરવરયો, પરેમદા પુંઠેપાસ મહા વનમાં એક કારમો મોહોટો આવ્યો કુપ, પાણીં પીવાને મસે ભામની સાથે ભુપ, કાહાડે પાણી કામની પીએ કંથજી આંહ કોટ ઝાલીને કામની નાંખી કુવાનીમાંહ, નાઠો નગર તે નર ઘણુ પ્રીત પાપણી પેર, કેટલેક દહાડે આવીયો, ઘણો પાપી તે ઘેર

ચોપાઈ—કામની તે કુવામાં પડી ઘણું દુખ પામીતે ઘડી સંકટ પડે તે જાએ કહીં થોડું પાણી તેથી બુડી નહીં વટે માંરગુ તે બારણે, આવ્યા પાણી પીવા કારણે; દીઠી નારી કુવેપડી તતક્ષણ કાઢી તે ઘડી; દીઠી રૂડી રાજ રતન, પુછ્યું તેને ગામ વતન; ગામ નામ પીતાજી તણું, ગ્રહસ્થ જાણે તુંછે ઘણું, મલીન વસ્ત્ર દુરબળ દેહ, નારી ઊપર સહુને નેહ. વેગે કહી વધમણી વાત. હરખ્યાં માત તાતને ભ્રાત. એકલી તું આવી કેમ પંથ, ક્યાં ગયો કામની તુજ કંથ, શામાટે થઈ દુરબળ દેહ તારૂણી વાત માંડી કહો તેહ; માનની સુણ કહે માડી વાત, કહું વીતગ મારંહો માત, સ્વામી શાધ ગણું માહરો, શાણો શુભ દીલથી ડાહરો, કરે ચંકરી મારી ઘણી, તનમન ધનએ તરૂણી

તણી, પાણી માગે તો દે દુધ; સપુતશાહ પુત્ર એ શુધ. મધ્યાત રકર વીખમ વાટમાં ઘણો સાથ લુંટયો વાટમાં, કોણ જાણે ધણી કયાં ગયા, મુજપર કરતાતા બહુ દયા, ભલે આવીતું મારી બાઇ લીધાં ઓવારણા સરવે ધાઈ, આપ્યાં વસ્ત્ર નવા શણગાર, ભરથા રનો નવ ખોયો ભાર. કંથને નવ કુટો કહયો, દુખ દાવાનળ દેહે સહયો, તારુણી ત્યાં ઠરીને રહી. પુરૂષ તણી ત્યાં શી ગત થઇ. વરસ અઢી થયાં જાહરે, મન વિચાર કરયો તાહરે. કામનીતો કુવામાં પડી. ગયો જીવ હશે તે ઘડી. વનમાં જે હકીકત હોય. તે નેતો નવ જાણે કોય, લાલચ લેવાની આશરે. પાછો ફરી જાઉ સાસરે. દહાડા દશ વીસ પરોણો રહું. કુશળખેમ ખબર જઇકહું, સાસરવાસો દે બહુ પેર, કપટ કરીને લાવું ઘેર, એમ વિચારી ચાલ્યો જાય. આવ્યો સસરાના મંદીર માંહ, મંદીરમાં પેસે જેટલે. ત્યાં જુવંતી દીઠી તેટલે, દ્રસ્ટે દ્રષ્ટ માનનીની મળે, અચરત પામી પાછો વળે, દીઠો કામનીએ તે કંથ. પાછો પરવરયો. પંથ હેત ધરીને ઝાલ્યો હાથ. મહારાજ મારી સાંભળો વાત. રખે રાખો મનમાં આંબળો. સાચી વાત માહારી સાંભળો. તેમાં નથી ત મારો વાંક. લખ્યા હશે વીધાતાએ આંક. મેં સાચી વાત અહીંયાં કહી નથી. બીજી બનાવીછે કથી. મેં રાખ્યોછે આપણોભાર. નથી જાણતું કોઇ આ ઠાર. સુખે તમે મંદીરમાં જાઓ. શામાટે ઓશીગળ થાઓ. ડાહી એમ શીખામણ દીધ. પેઠો મંદીરમાં કરીને પ્રીત; ભેટયાં સાસુ સસરો સહુ; કુટુંબ સહોદર બાવત બહુ એકાંત પોઢે સુંદર સેજ. નારી નરને આણે હેત, વીત્યા દીન એમ દસબાર. વણીક પુત્રે કરયો વિચાર.

દોહરા—કુપમાં નાંખી કામની, માથે મોટી ખોડ, વીસર્યા નહીં વીસરે. જુવંતીને મનજોડ. ઓશીયાળો રેહેવું અતિ ભલી નારશું મીટ; પરાણે કરવી પ્રીતડી તે પથર ઊપર મીટ. મધરાતે જે માનની. નીંદ્રાવશ તે હોય નરનારી બે એકલાં. પાસે નહીં ત્રીજું કોય; ડાલ્યું વીંધ્યુ ધરૂણી તણું. જોરાવરીએ જાણ, પલક એકએ પગ ધરી પદમની પછાડે પ્રાણ. આભુશણુ ઉતારીયાં બાંધી ગાંઠડી કીધ; અરધી રાતે એકલો વાટ વીદેશે લીધ પ્રાતસકાળ પરોઢીએ વીપરીત દીઠી વાત. કુટી પીટી રોઈ રહયા તેહનાં ગાતને તાત. ગયો મારગે તે ક્યાં મળે વીપરીત કીધું વરત પાપી પરદેસે ગયો માનની પામી મરત. પાપી પુરૂષ એવા ઘણા ઘેર ઘેર એ સંસાર. મેનાને પોપટ કહે નીરમળ રૂડીનાર. સેઠ સેઠાણી સાંભળો અપાર એવો આંક. પુરૂષને પાપી કહયો વિનતાનો નથી વાંક. સેઠ કહે તમે શુક સુણો કહુ વિનતાની વાત;સાસારમાં સરખુ નથી. જુગતે જોતે જાત. શુક કહે શેઠ સુણો ભણો ભાવથી ભેદ ક્યારે તો ખોળે કામની તેનિતા અવગુણ વેદ. ઇશ્વરના બનાવમાં સહુમાં અધીક અનેક. પાપ આપમાં અતિઘણું વપુએ વપુએ વીવેક સરખું નહી કોઇ શ્રષ્ટીમાં નર નારી લખ કરોડ, ભલા ભલી પ્રથવી ઘણી. જુગતે નહીં કો જોડ.

ચોપાઈ—કહો તો કહું તેમાં દ્રષ્ટાંત ભાગુ ભામની તારી ભ્રાંત શુક કહે સાંભળ મહારાજ, કહું કસ્તુક કામની કાજ. નીચ જાત તો નારી તણી, કહોતો રાક્ષ દેઉ તે ઘણી; કનકાવતી નગરી શુભ ગામ કાંતીસેન રાજાનુ નામ. લક્ષપતી ત્યાં એક વાણીઓ, સુખસાગર જુગતે જાણીયો; વગર સેઠનુ રૂડુ નુર, પ્રાક્રમ તેનાંછે બહુ પુર. સગુધ નામે તેની દીકરી, લક્ષણવંતી ભાગે ભરી; દામોદરદાસ

તણો દીકરો, વિજેપાળ કન્યાને વરયો પટાંતરો પંદર જોજન તણો. ગામ વેગળો દેશજ ઘણો; વહાંણવટી તે તેનો બાપ, ચઢયો વાહાણુ તે કુંવર આપ. પરણ્યો તો જે કન્યા પેર, ઘણું હેત પણ મુકી ઘેર; વહાણુ હંકારી ગયો વીદેશ, પરમુલક પર ધરતી દેશ. પરનારી તેને તનથી તજી, પરણી ભાંમતી તેને ભજી; અવિદ્યા નજાણે અન્ય, કોઈની સાથે નમળે મન, લંગોટ બંધ કાપે તે દિન, નીચ બુદ્ધિ કરે નહી જન; પતી જઈ પરદેશે રહયો, વિચાર શો વીનતાને થયો. ભરજોબનમાં છે ભામની, કંદ્રપમાં સમજી કામની; અંગોઅંગમાં પ્રગટયો કામ, નારી ઝંખે નરનું નામ. બેઠી જુરણુ મનમાં કરે, પર પુરૂષ હઈડામાં ધરે; બેઠી માનની માળીયા માંહ, વીપ્ર એક જમીને જાય, ચાવે બીડાં મુખમાં પાન, તળે નીકળયો કરતે તાન; દિઠો દેવાંશીવત દેહ, ઊપજ્યો તે નારીને નેહ. ડાહી હતી ઘરમાં એક દાસ, પ્રિતે મોકલી તેની પાસ; તેડેછે શેઠાણી માહરી વીપ્ર ચીંતા ગઇ તાહરી. રવીવારનુ કીધું વરત, દાંન આપવા તેડે તરત; વીપ્ર એવુ મનમાં કળે, વાટે જાતાં આવું કયાં મળે. શેઠ તણી ડાહી દિકરી, પોતે તેડે પ્રિતે કરી; તાંદુલ સોનુ એ આપશે, પછી ગોર કરી થાપશે. એવો ઘાટ મન સાથે ઘડયો, વીપ્ર મેડી ઉપર ચડયો; નારીએ ઝાલ્યો નરનો હાથ, બોલી સામા બ્રાહ્મણ સાથ; તે બ્રાહ્મણ બાબત બુજીઓ, થરથર બ્રાહ્મણ ધરૂજીયો. તારે પગે લાગુ છું નાર, કાઢી મેહેલ મુજને તું બહાર; મહારો પગ તો ટકતો નથી, કોડ વરાં કહુંછું હુ કથી. મહારી ઇજત ને જીવ ડો જાય, તારો સંગ મુંજથી નવ થાય; એમાં મોત ઉપજે માહરૂ, એવુ કામ ન કરૂં તાહરૂ.

દોહરા—વનિતા ક્હેછે વીપ્ર સુણ, ધીરજ મનમાં રાખ; તાર

નામ કો લે નહી, તેમાં શ્રી સુરજની સાખ. સહીઆર મહારી મં લણી, પ્રીત ઘણેરી પેર; નીતે રાતે આવજો. તે નારીને ઘેર. વડ હેડે ઘર તે તણુ, નહી પડોશી પ્રિત; સુખે સેજા પાથરૂ, રમજોરૂડી રીત. ખાવા પીવા ખરચવા, દહાડી આપું દામ પ્રતાપ ઈશ્વરના થકી, લઈ ન શકે કો નામ. વારૂ કહી વિપ્ર વળયો, આવ્યો પોતાને દવાર; સેહાણીએ સેજમાં તેડી માલણ નાર. માલણ તારે મંદિરે, આવે વિપ્ર વશરામ; સનમાન દેજે તેહને, પુરીરાખજે હામ.

ચોપાઇ—માલણ ગઇ પોતાને વાસ, દીધી શીખામણ કીધી દાસ; સજયા પાથરી પુસ્પજ તણી, શુભ સામગરી બીજી ઘણી વિપ્રે વીચારી મનમાં વાત, ઘટીકા થઈ એ ચારેક રાત; પ્રીતે પરેમ દાએ પરઠી પેર ગયો વિપ્ર માલણને ઘેર. આસ્વાંગત દીધાં સનમાન લવીંગ સોપરી એલચી પાન; શુભ શજયા ઢાળી એકાંત, ભાગી મન થકી તે ભ્રાંત, એટલે સેઠાણી ત્યાં આવી વિવધ સામરી તે લાવીયા. સઘળી વાત મળયો સંજોગ, કીધો ભામની સાથે ભોગ. નર નારીને ઘણું થયુ હેત, નીત નીત બાંધ્યો સંકેત અહરનીશ ત્યાં એવુ હોય, અન્ય વાત જાણે નહી કોય. એમ દિવસ થયા છે ઘણા. આવ્યા વેપારી વહાણજ તણા; વાગ્યાં દુંદભી ઢોલ નિશાન, જુગતે થયુ સસરાને જાણ. જામાત્ર વિદેશ થકી આવીયા, માલ અનંગળ તે લાવિયા; માસ એક થયો જાહરે, જમાઇ ઘેર આવ્યો તાહરે તારૂણી તેડવાને કારણે, આવ્યો સસરાને બારણે મળાભેટી ભલી પેરે કીધ, કોડ પશાય વારૂ વિધ વિધ. શાકપાક ભલાં ભોજન, માનની સજન તણું; તહાં મન; દિવશ ગયાં તહાં દસ બાર, પણ નયણાં નવ મેલે લગાર સેઠ વિચારે લજાપ્રણી, બાળક છે તરૂણી મુજ તણી; એક દિવસ માળીએ એકાંત

આપ્યાં રત્ન અમુલખ ખાંત. મુકતા ફળ તણા જે હાર આપ્યો માલ બહુ અપરં ગાર; ભેજાઇ ઘરમાં છે બે ચાર, તેમણે કીધે મન વિચાર. ઘણે દિવસે સેઠ આવિયાં, રતન ચિંતામણી લાવીય નણુદલ અણુસરતાં કયાં નથી, સહુ શીખામણ દે સરવથી; એક દિવસ પરાણે પ્રિત, કરસ્યાં એકાં રમવા રીત; દાદરો અડકાવી બા હાર રહ્યાં એકઠાં નર ને નાર. નારી ઘુઘટ તાણી પડી, બોલાવી ન બોલે ઘડી; કાલાવાલા સેઠે કરયા, ખાંત ધરી ખોળા પાથરયા તોયે નારનવ બોલે નેટ, થાકયો બાપડો શાણો શેઠ ભરનિદ્રા થયો,જાહરે. પરવારયોપુરણ પ્રિતે કરી, સ્થિર થઇ ખાધો થાક. કો પકરીને કરડીયુ નારી કેરૂ નાક બાળા બુમ પાડે ઘણી, દેહ સમે કેમ દુખ;તુટયું નાક નારિ તણું, રહ્યુ વીપ્ર ને મુખ જક્ષ તો વરક્ષે ચઢયો કરી ક' મ એ તરત પાછો વીપ્ર પડયો ત્યાંહાં, મુળ જેમ પામ્યો મરત' ચોર ચરચા જુવે ત્યાં બેહાંછે જે બાહાર માલણને કહે માનુની; જાગ નમેરી નાર હવે ઊપાય શું કરૂ દેએ સીખામણ મુજપેર નાક વીના નારી થઈ, કેમ જવાસે ઘેર ઉત્તર સો દેઊં એહનો, પુછે માને બાપ નરનારી સઊ નગરની, ઊતર દેવા આપ. સ્વામી, પોઢયો સેહેજમાં, તેહનો સઘળો સોક; પુછે તેને શું કહું, લક્ષવતા જે લોક ચોપાઇ— કેહે માલણ સાંભળ કામની જા મંદિર હમ ણાં જામની; ચડે માળીએ તુ જાર રે, પાડે બુમ તારૂણી તાહરે. ગજે ધર ધણી ને તું પડે, કહીએ મારી સારી ચઢે, શું વણસ ડયુ તાહ શાને નાક કાપ્યું માહરૂ; જા ઉતાવળી કહુંછુ કથી,બી જો ઊપાય તારો નથી ચોર ચાર તે કેડે ગયા વિચાર કરીને વી સ્મે થયા ચરચા એ નારીની જોઊં મારા મનનો સંદેહ ખોઊં માનની તેતો માળીએ ચઢી પાડી બુમ તે વેળા ઘડી; ધાવા ધવા

કે માનેબાપ,' દેછે દુખ અકરમી આપ. સુતાં હુવા સરવે લોક. શામા દેખી પામ્યો શો આવડુ કસ્ટ તે કેમ વાપીયું શાને નાક એનુ કપીયું.

દોહરા—ભુંડો એ મારો પતી, જરનો એને છાક; વાત કરે તાં વઢી પટયો નારીનું વાઢયુ નાક. સાસુ સસરો શોકાતુર થયા કટકુટ કરે છે લોક; ન ઘટે તે એણે કરયુ સઉ લોકોને શોક શેઠને કાંઈ સુજે નહી સો ઉતર કહું સરવ સાથ; પડયો ગાભરે બાપડો, કાને દીધા બે હાથ જાણુ રાજદ્વારે થયુ લોપી તેની લાજ દિઓ શેઠને શુભળીએ, કરડયુ નાક શુ કાજ. રામા રતન સરિખડી એકજ કરી અજાણ મો જોવુ ઘટે નહી પાપી પુરણ પ્રમાણુ. ચોર વિચારે ચીતમાં મારયો જાશે શેઠ; પાપ પડે તે આપણને, વીનતાને બાંધે વેઠ-- ચોપાઇ—ચારે ચોર પધારયા તાંહાં કેમ મારોછો શેઠને આંહાં. મળી સભા બેઠીતી જયાંહાં, વાંક ઘણો વનીતાનો તાંહાં. રાત હતી અંધારી ઘોર, અમો ઊભાતા ચારે ચોર, કઉતક કરયુ એક નારીએ, નાંખ્યો દોર ઊતરી બારીએ પાછી અમે પુંઠળથી પેર, માનની ગઇ માલણને ઘેર; ત્યાં વિપ્ર પડયો હતે આપ. તેને પગે ડંખેતો સાપ. તે વિપ્ર તો પામ્યો મરત, ઊતરયે જક્ષ એક વડથી તરત, કરયો પ્રવેશ કાયા જોગવી, ભામની તે ભુતે ભોગવી પાછો ઝાડે ચડયો જાહરે કરડી નાક ખાધું તાહરે, દુખ પામી નારિ તે ઘડિ, પ્રેમદા પતીને પાયે પડિ માલણની સી બની આવી ઘેર, પછે કરિ પ્રેમદાએ પેર પાડિ બુમ જાગ્યાં મા બાપ, રાજદવારે આવ્યાં આપ. તે પારખુ જુગતે જુઓ, પાણી પોતાનુ શાને ખુઓ, તે વાતનુ તરષે ધરમ, મુવોછે બ્રાહ્મણ માલણને કરમ, ગયો રામ જોવાને કારણે, પડયો વીપ્ર માલણ બ

રખે તેના મુંગમાં દિઠું નાક, સાચુ માન્યુ તસ્કરનુ વાકય. ચાર ચોર સાચા કીધ, તે ચોરને સરપાવજ દીધ. સામા શુળી એ દી ધી જાહરે. સ્વાગી ઊગારે તાહરે. મુકાવી જીવતી તે આપ, એ ભોગવશે એનુ પાપ. કહે પોપટ સાંભળ રાય, એવો નારીનો અ ન્યાય. દીઠી વાત કહું કામની, કુડામાં કુડી કામની, વીસ વસા વીનતાનો વાંક, ભુંડી ભામની આડો આંક.

દોહરા— મેના કહે મારૂ સુણો. ભુંડુ ભુંડા ઘેર; મારૂં વ રત કેમ ભાગીયું તેની તે શી પેર. પ્રાણ તજું હું માહરો આ પુ હત્યા તુજ, જોરાવરી જારી રમ્યો. દોશ એ મુજ.

ચોપાઈ—શેઠ શેઠાણી સાંભળો બેય, શુક સાથેછે સબળો નેહ. કહું તે એક કરોજી કાજ, રખે રાખો કોઈની લાજ. બ્રહમ હત્યાદીક પાતીક તુને, કરી ન્યાય દેખાડો મુને. પોપટને દો ઘણી જ પતીજ. ધરમ વાત તણીજે ધીજ, એમાં હોએ જેનો વાંક, દી યો શુળીએ આડો આંક. શેટ કહે શુક સાંભળ વાત, ખરી કહે અમ આગળ ખ્યાત. કહે શુક કહે સાંભળરે શેઠ, જુઠી કહું નહી નેટ, એકઠાં ઘાલ્યાં નરને નાર, પ્રથમ તો અન્યાએ ઠાર. આવ ભાવ હેતેથી કરો, હેતે આશ અમારી હરો, મેં વીચાર્યું મારેમ મન, એક જાતી પક્ષીછું જન. જે મેનાં કસે તે કરૂં વિનય કરી વીનતાને વરૂં. પંખીને પરણ્યાની પ્રીત, હેતે કરૂં ત્યાં રૂડી રીત. દીઠી રૂડી એની દેહ, નારી સાથે કરયો મેં નેહ. મેં જાણ્યું રા ખસે છાની વાત, એતો થઈ ગુણકાની જાત, મેનાએ મનમાં ના ગણી લાજ, કરયું કુડું કામનીએ કાજ; દામની કહે તેતો હું ક રૂં, વિનતા હેત કરેતો વરૂં. એતો હોંશછે મન માહરી, પુછે મો નાં રાણી તાહરી. સેઠાણી કહે સાંભળ સતી, લાજ ના રાખીશ

રજ રતી. તાહારા મનની વરેજો વાત, સોંપુ શુકને તારે હાથ. જો ગમેતો અવગુણ સાંખ જો ગમેતો મારી નાંખ. તારી દાઝ હોલાયે કેમ, સાચું કેહે તું મારા સમ, સારિકા કહે સેઠાણીસુણો ભાર એવડો શાને ભરો, મુજને તો એ ઉપર ખાર, મારી નાખુ આણીવાર, શું કરીએ શુક સેઠજ તણો, વહાલો પ્રાણથી પોપટ ઘણો, માટે કહયું એ માહરૂં કરે, તોતો પ્રાણ એનો ઉગરે, કહયુ કરે અમારૂં આપ, તો વાંક ગુનો કરૂં હું માફ.

દોહરા—સેઠ કહે શુક સાંભળો, પ્રીછો તમારી પેર. કહયું કરો ત મે માનવી તો સુખે રહો મુજ ઘેર. શુક કહે સુણ સારીકા કહે મન આવે તેહ પછી હું પરણું તુજને, પરેમે કરશું નેહ.

ચોપાઇ—કહે સારીકા તુઝથી થાય, તો કર કહું તેએકઉ પાય, ગ્રહ વાંકા સેઠાણી તણા, શુન્ય થાનક પડય છે ઘણા પાંચ મે મંગળ રાહદે કસ્ટ, સંપુરણ શનીશ્ચર દેખે દ્રષ્ટ. એ ગ્રહ જે ને જુગતે જોય વનિતા વંઝા નિશ્ચે હોય જો ગરભ રહે પરેમ દાને પેટ, તો જીવતો મુંકું સહી નેટ. બીજું વચન કહું તે કરૂ તો વર માહરો કરીને વરૂં. પ્રીત કરીને રાખું પાસ, મુલ ખરી દી થાઉં દાસ, આજ થકી તો મહીના સાત, સેઠ શરીરે છે એ ક ઘાત, અચાનકથી મુરછા થશે, ઘડી એકમાં જીવ જશે, તેને જીવવાનો ઉપાય. લાવ શોધીજે તુજથી થાય.

દોહરા—સારિકા કહે પોપટ સુણો, કરો બેનાં કાજ; તો પ રણું હુ તુજને, રાખું તારી લાજ. નરો કાજ તો માહારૂં તેન ગણુ તુજ પાપ; જોરાવરી જુવંતી કને, જાર રમ્યો તું આપ.

ચોપાઇ—ઉગરે સેઠ તે કરો ઉપાય, તો તું મહારો સ્વામી થાય; લુણ એનુ ઓસીગળ થાઉ, તો તહારી બલીહારીજાઉં.

દોહરા—પ્રતિજ્ઞા પોપટ કરે, રાખો દ્રઢ વિશ્વાસ; ષો ઉપાય કરી આવશું, પ્રિતે તારૂણી પાસ. જરૂરી જાવા દે મુજને,પરહુ કામની પેર; માસ ચારમાં તુજ કને, આવું આપણે ગેર, સારીકા કહે તું સમ કરી નીસ્ચે નાશી જાય; પછે મરવાને કારણે, શાનો પેદા થાય. શુક કહે સાંભળ સુંદરી, કરૂ પ્રતિજ્ઞા આપ; જો ના આવુ તારી કને તો પરલોકનુ પાપ; વીસ્વાસઘાત વળી જે કરે, ધરે અહંકારી આપ; જો ના આવું તુજ કને, તો સ્ત્રિ હત્યાનુ પાપ. અભક્ષ્યભક્ષ બરાહમણ કરે, અગમ્યાગમ્ય આપ; જો ના આવું તુજ કને તો બાળ બ્રહ્મહત્યા પાપ. ચોપાઇ-વચમાં ઈસ્વર વચમાં રામ કીધા સમ એ કોટીક કામ; સમ ખાઇ ને ત્યાંથી વળયો, પંખી ઉડીને પંથે પળયો. વીચારયુ છે તેને તાંહે, ભારે કામ મુજથી કેમ થાય; કરી પ્રતીજ્ઞા ખાધા સમ, તહાં ગયા વીના ચાલે કેમ. વીક્રમષેન ઉજેણી ધણી તેની કીરતી છે અતી ઘણ ઘણા લોક પામેછે સુખ, તેને જઈ કહુ મારૂ દુખ સંકટ સહુ લો કોનાં હરે કદી અરથ જો મહારો સરે એવી મનમાં રાખી આશા આવતો તો તમારો પાસ, વળી વિચારયું મે તો મન, સતવાદી રૂડો રાજન; એ આગળ મુકું કેમ લાજ પડું હળવો સભામાં આજ. એ કાજ કેમજ હું કરૂ, આગની દેહ બાળીને મરૂં. એટલા સન ખાધા તે પળે ફરી રાંડ પળે દવ બળતો દીઠો જાહરે તેમાં પડતો દીઠો તાહરે. સ્નાન કરી સુરજ સાખીયો, એટલે તમે પડતો રાખીયો, સાચી વાત તે કહીછે અમો, પુછોછો તો સુણજો તમો. હવે પુરમાં રાજા પરવરો, જે કરતાતે કામજ કરો. દવમાં પડવાદો મશારાજ, તમો કરો તમારૂં કાજ, એવી વાત, સાંભળ જ્યાં, તતક્ષણ રાજા બોલ્યો ત્યાં.

પ્રથવીપત કહે પ્રીતથી પ્રાછો નમારી પેર. શ્રી ઈશવર દુખ ભાગશે આવ હમારે ગેર. પ્રીતે ઘાલ્યો પાંજરે કરયો વાયદો ભરત. આશા પુરે અબીકા માસ એકમાં તરત. સમ કરી સુખીયા કરયા આપ વીચારો મન આદ શકતી તું ઇશવરી ટેક રાખજે તન.

ચોપાઇ– ધ્યાન ઇશવરનું ગનમાં ધરે. નીતે કામ પોતાનું કરે. એક દીવસ આવે અધીપતી, ગયો શીકાર પોતે મહીપતી. વછોહ સરવ લસ્કરનો થયો, રાય એકલો રણમાં ગયો, બેઠો છે ત્યાં તપસ્વી એક, ધરે ધ્યાન તણાં વારૂ વીવેક, નથી રાખતો કોની આશ.પ્રથવીપત આવ્યો તેની પાસ. ભુખ તરશને ટાઢછે ઘણી, પામ્યો દુખ ધરતીનો ધણી. જઇ શીદ્ધને નામ્યું શીશ, ગયો આપ આથમતે દીશ; શીધ કહેછે શુંછે નામ, કેમ આવ્યાછે આણે ઠામ. બોલ્યા રાય મનમાં આણી ધીર, ઉજ્જેણી અધીપતીવીક્રમ વીર; શીકાર રમતો ભુલો પડ્યો, આશ્રમ આણે આવી ચડયો અવનવું મેં દીઠુ ચરણ જાણી શીધ આવ્યો તમ શરણ; બાંધ્યો અશ્વ મઢુલી માંહ ખાણ ચાર પછે દીઠી ત્યાંહ, અમરત જેવાં ફળ અનુપ, સતોખ્યો ત્યાં ભારે ભુપ; પાથરણ ઓઢણ અપ્યાં ઘણાં, કરયાં જતન પ્રથવીપતી તણાં. પ્રાતસકાળ થયો જાહરે સુતો અધીપતી ઉઠયો તાહરે, રાજા કહે કાંઈ માગો ગરથ,સઘળી વાતમાં છું સમરથ, કહેશીધ મારે શી ખોટ, શી બાંધી તુજ પાશે મોટ. રાજા શા માટે ગાંડા થાય, આવજો તમે નગરની માંહ. કરૂ ચાકરી તમારી ઘણી, તો જાણો ખરો ઉજ્જેણી ધણી. શીધ ગુણીને એવી વાત, બોલ્યો રાજાની સંઘાત.

દોહરા–શીધ કહે સુણ મહીપતી. મહારે ઘેર ઘણી ભુ

દોહરા—સીખ કહે સુણ્યુ મહીપતી માહારે ઘેર ઘણીસુખ; અહાર આપતાં તુજને, ઘણું લાગશે દુખ; અપવાસ, કરૂં એક વરશના નીરભે સાગે નેટ, પછે કરીશું પારણાં પુરણ ભરીનેપેટ રાજા કહે જે માગશો, તે આપું છું અહાર અજર નકરૂં એકે ઘડી પલક ન લાગે વાર. તમ સમાન વહાલુ નહીં તમસમાન નહીં પ્રીત, મારા સમછે માગજો, રંજીત મનની રીત.

માગી શીખને મહીપત ગયા, પોત પોતાને કામે થયા વીત્યા દીન વીતીછે ઘડી તે વાત વીસારે પડી, એમ કરતાં આવ્યો દીન, શીધે આપ વીચારયું મન. જોઇએ રાજા કેરૂં રૂપ, કપટી છે કે ભોળો ભુપ, સત અસત ચાલે છે એહ, કેવો નારાયણુપર નેહ. માટે એની ધારજ જાણું મહારા મનનો સંદેહ ખોઉ ચેલો તે પોતાનો કરયો, કુંવર રાજાનો હરયો. લાડકવાયો વરસે સાત બત્રીસ લક્ષણો વીરવ વિખ્યાત. જુવે મુખ તારે અનજમે. કરે રમત તે સઉને ગમે, પલક પરો નવ રાખે રાય, કંઠ વળગાડે કોમળ કાય, ગયો કુંવર કહેછે સઉ લોક. સભા બધી પમીછે શોક, હાહાકાર નગરમાં થયો, કુંવર કોડીલો તે કયાં ગયો. કહાં જાઉં હવે શું કરૂં. પ્રાણ દેહમાં કેમજ ધરૂં. બહુ વાડી ગેબી ગફાય, ઠામ ઠામ ખોળાવે રાય, કુંવર તણી વધાઇ ખાય, મોહો માગ્યાં કહે આપું રાય, પુછ પુછારણ કીધી ઘણી. ન જડી શુધ કાંઈએ તે તણી, કોટી ઊપાય કરવા તે અડયો. તોએ પુત્ર શોધ્યો નવ જડયો, મુકી કુંવર તણી તો આશ, બેઠો નરપત થઈ નીરાશ, થઈ નિરાશ.

દોહરા—એટલે આભુશણ તેહનાં કુંવર પેહેરણ કાય, તે એક બ્રામણ કરધરી, વેચવા ચઉટે જાય, સાહયાં સોની વાણીએ

ફટફટ કરીને ફોક, રાજદવારે લાવિયો, પુઠે ઝાઝા લોક. મારામાર કરે ઘણી, દાએ ઘણેરી ગાળ, મારયો પુત્ર એ પાપીએ એમ ચ ઞતે આળ, કુડું કામ એ શું કરયું, જીવીશ કેટલા કાળ, ઊત્તમ નહી તું અધમ છે, ચેતવિયો ચંડાળ. બાળહત્યા બેઠી તુને. નર ક જશો નીરવાણ, શુળીએ દેશે સેહેજમાં, તજશો હવડાં પ્રાણ. રાય આગળ ઊભો કરયો, આભુશણછે હાથ, લોક ખલક લેખા વિના, સુડયાછે તે સાથ, રાય કહે રહો વેગળા લાવો મારી પાસ વિપ્ર જાણી વિનય કરયો, દીધી અદકી આશ. આભુશણ આ કુ વરનાં કયાંથી લાવ્યા આજ, એનો પહેરનારો કયાં ગયો, સાચુ કહો મહારાજ. ચોપાઇ—કહે બ્રાહ્મણ નવજાણું હું ફરી ફરી શું પુછે તું મહારો ગુરૂ ગુફાની માંહ, તેને ઓલખી શકે.નહી કોય તેતો તહાં બેઠો એકલો, મુજને વેચવાને મોકલ્યો. તેણે મુજને સોંપ્યું કામ, વેચી ઘરેણું લાવો દામ, હું વેચવા આવ્યો જાહરે બાંધી અહીંયા લાવ્યા તાહરે, સાની વાતતો કહુંછુ કથી, બીજુ જ્ઞાનતો મુજને નથી. રાજાને મન લાગી રાઢ, તહારો ગુરૂ મુજ ને દેખાટ. બ્રાહ્મણ સાથે આવ્યો ભુપ, રણમાં બેઠો સાધુસ્વરૂપ વાશો રાય રહયોતો જ્યાંહા, ઠેકાણે આવ્યો ત્યાંહાં. આ ગુરૂ બેઠો બારણે, મોકલ્યો વેચવાને કારણે. પેલો ઘરમાં નાશી ગયો, રાય ગુરૂની પાસે રહો, કહો સીધ ધરાવો નામ કરતાં દાસો કુડાંકામ આ આભુષણ કોનાં ઘડયાં, તમને કયાંથી જુગતે જડયાં. એ પે હેરનારો જે પુત્ર, તેનું શું કર્યુંછે સુત્ર. શીઘ કહો તમે સાચીવા ત. જીવેછે કે કીધી ઘાત. દુનીયાં બધી દુખી થાયછે, પુત્ર વિજો ગે ઉર જાયછે.

છપ્પો—મહા દુખ માથે આળ મહા દુખ માલ ગયા

શું. મહા દુખ અતિ અપમાન મહા દુખ જોયે નાર, મહા દુખ વેર વઢયાનું મહા દુખ હારે હોડ. મા દુખ જેર ચડયાનું. વળી મહા દુખ માથે મોતનું દુખ દેવું ઘરસુત્રનું, સામળ કહે મહાદુખ વળી મોત થાય પ્રીય પુત્રનું.

ચોપાઈ–ઉતાવળો થઇ સાચું બોલ, પડદો આપ રૂદેને ખોલ; કહાં પેલોએ માહારો બાળ. જીવેછે કે આણ્યો કાળ. સીધ કહે સાંભળરે રાય, જુઠું બોલ્યું મુખ નવ જાય. વરસ તણાં કરવા ઉપવાસ, થઇ પારણા કેરી આશ. બત્રીસ લક્ષણો પુરૂશ જો મળે. ત્યારે મનની ચીંતા ટળે. વદવાસની જે જક્ષણી, પુરૂશમાંસની તે ભક્ષ્રેણી. રાંધો માંસને આપું ભોગ, પછી જમવાનો મળશે જોગ. જોયું મેં ઉજેણીમાંહ, બાલક રમતો દીઠો ત્યાંહ. બત્રીસ લક્ષણો જોયું ચેન, આણ્યો પુરૂશ ત્યાંથી એન. હું નથી જાણતો કોનો બાળ. ગરજભુખ માટે આણ્યો કાળ. આપ્યો ભવાનીને મેં ભોગ, સુખ સામગ્રીનો સંજોગ. અસ્તીચમ જે તેનું નામ, મુખ આગળ મુકયું તે ઠામ. ભંડારીને જે કા દામ. આ ભુશણનું કરવું કામ. મોકલ્યો વેચવાને કારણે, ચાલો આવ્યો તુજ બારણે.

દોહરા–ત્રાહે ત્રાહે લોકે કહ્યું નિંદે સઉ સંસાર, દીયો સીધને શુળીએ પંચ છેટાળી માર રાય કહે રહો સાંસતા જાઓ, તમે સઉ ઘેર, નકરો એને આકળો પુછો રૂડી પેર.

ચોપાઇ– પછી રાયજીએ જોડયા હાથ, બોલ્યા વચન તે સીધની સાથ, તમે મારૂં કારજ કરયું, રૂડી રીતે પેટજ ભરયું. ભાગીછે તમારી ભુખ, કંઈક હજી દેહમાંછે દુખ. કહે શીધ સાંભળરે રાય, કહું વાત સમજો મનમાંહ. મહારે માથેછે ગુરૂ એક,

તેની કહું એક વાત વિવેક. તે ઉપવાસ કરીએ છીએ એક દીન. એક દીવસ કરીએ ભોજન. મને મળ્યો બત્રીસ લક્ષણો, આપ્યો ભોગ ભવાની તણો, એટલી ગુરૂને થાશે આશ, ગુરૂ શીશ જમશું બે સાથ. ગમેતો શુળીએ દયો, જો ગમેતો ના વેર સાંખ. જો ગમેતો મારી નાંખ. હું શું જાણું તારો પુત્ર, કાચું ભાગ્યુંછે અરેસુત્ર. મેં પણ મોટો અન્યાય કરયો, તારો પુત્ર હેતેથી હરયો ફટ ફટ કહેછે સઉ ગામ, તમો કીધું અમારૂં નામ. માટે જે કહેતે કરૂં, કહેતો જીવું કહેતો મરૂં. બેહું પાપ મારે શીર નેટ.ભુખ્યો રહો ન ભરાણું પેટ. હત્યા બેઠીને દુખીઓ થયો, સરયો અરથ નહી પણ ભુખ્યો રહયો.

કહે રાજા સીધ•સાંભળો દુખ નવ ધરશો મનમાંહ, ગુરૂ ભુખ્યો છે તમ તણો તે ગુફાછે કયાંય. આગળ થાઓ અધિપતી દેખાડો તે ઠામ. કરો ઊપાશણુ એકલો નીરવાણછે એ નામ; પાગ પયોપ્રથવીપત્તી, જોડીને બે હાથ. તમો કરો તે પારણું બાવા સીધને સાથ, ભોજન કીજે ભાવતાં અમે કયાંથી આજ, મુજને કાંઇકહી જીએ એ દેવા સરખું કાજ. મનમાં રાખો ઓરતો, તો તારેશીર પાપ. શીવ આગ્યા સાચું કહો, જમો તમો કેમ આપ.

ચોપાઇ—સીધ કહે સાંભળરે રાય, કહું જમ્યાનો એક ઉપાય; પુરૂષ બત્રીશ લક્ષણુ તણો સતવાદી સ્વરૂપે ઘણો. તેઆવે મારે બારણે હેતે મળવાને કારણે; આપ હાથથી છેદે અંગ કરે દેહ કમ્યાનો ભંગ વરત સંપુરણુ થાયે જોગ, આપે હાથ ભવાનીભોગ સંતુષ્ટ થઇને શકતી થાય, ત્યારે અમોએ ભોજન થાય ત્યાંસુધી બેઠા તપ કરૂ, આયુસ ખુટે તો ત્યાંહાં મરૂ; ભોગ આપ્યા વીના ભોજન હોય, એવી વાત કરશો નહી કોય. કહે સીધ તમો

સાંભળો મેહેલી દયો ગનનો આંબળો; હું આવ્યો તારે બારણે, ભોગ ભવાનીને કારણે. કરો સીધ ઉતાવળ આજ, લાવ્યો સામગ્રી જોઇએ તે કાજ; કહે સીધ સાંભળરે ભુપ, તું સતવાદી રાજા રૂપ. પરમારથ કરે પર કામ, તારૂં છે નવખંડે નામ; તારો પુત્ર, ચેલે મારીયો, અરથ પોતા તણો સારીયો. હું મારા પેટને કારણે તમને કેમ મારૂ બારણે; માટે જાઓ જીવતા ઘેર, નહી કરૂ હું તમારી પેર. પેટ ધાઓ તો હું નહી દેઉ. રાજભાર માંથે નહીલેઉં; સાંભળો સોધ અમારી વાત, મળતી નથી અમારી જાત; આયુષ પુરે જે નર મુઓ તે ગયો તે જુગતે જુઓ, પરકાજે ત જે જે પ્રાણ, રહયો જુગમાં તે તો જાણ; રૂડો ચીંતવો મારે જાગ, તો આપો ભવાનીને ભોગ, જુગમાં રાખો હમારૂં નામ તો કરવા દયો એ કામ;

છપ્પો—જગમાં જીવ્યો તેહ જેણે પરદુખ જઇ કાપ્યાં; જગમાં જીવ્યો તેહ જેણે દાન અભયપદ આપ્યાં; જગમાં જીવ્યો તેહ ખ્યાત ચાલી દશ દિસે, જગમાં જીવ્યો તેહ કુળ તારયું લક્ષુ વીશે; જગમાં તે નર જીવીયો, જશ વિમળ ગુણજાણીયો; સામળ કહે જીવ્યો સપુત, પરકાજે દે પ્રાણીય,. ચોપાઇ-સીધ તણી મંડળી માંહે, સામગ્રી સરવે આણી તાહે; કરો કહ્યુ તે દ્રવ્ય જ કાજ, તીલ તાલ તાંદુલ શ્રીફળ અતીરાજ. સ્થાન નવ ગ્રહેન કરયાં શ્રીફળ ફોફળ ઊપર ધરયાં. કરયો ઉતાશન જાગૃત જોતાં સ્થાપ્યાં તેતરીસ કરોડ ઉદોત. કરી ઘણી ત્યાં ઘીની ધાર, મહા પ્રગટી અગ્નીની ઝાળ. રૂદે આપ મન રાખી ધીર, કરયું સ્નાન જઈ વિકરમ વીર, ઈષ્ટદેવનું સ્મરણ કરયું. ધ્યાન આપ રૂદેમાંધરયું, જેમ વીવાનો હોએ દીન, એમ ઉલટ મહીપતને મન. પાણી

કુંડ કરેણુા માળ. સીંદુર તિલક કરયું છે કપાળ. પુરણાહુતી વળી જાહરે. લીધું ખડક હાથે તાહરે. અયો કુંડ નીકટ તે દીશ. આ ૫ હાથ છેદે શીશ; જય જય શબ્દ કહી સંજોગ, લેજે માત ભ વાની ભોગ, કરો તપસ્વીનાં પુ ાં કામ, માગે તે આપો આઠામ. ખડગ શીશ મુકે જેટલે. માંમાં શબ્દ થયો તેટલે. અરે રાયમાં ક રીશ દેહની ઘાત કહું તે કર એ મારી વાત. આઠમણ અણાવો લોટ, કરે પુતળુ તારી ગોઠ કરી કડકા હોમે કુંડ; તુષ્ટ થશે તે થી ચામુંડ. પડયું ખડગ હાથથી તરત, પાળુ રાય વીકરમનું વ રત. થયો શબ્દ તેવું આચરૂં, એ સીધે કીધું પારણું. રાજા શી ખ માગે જાહરે, એ સીધ બોલ્યા તાહરે. ધનધન રાજા તારૂં મન જીવતો દુખાંડું તારે તન; નથી આણો મારવા કારણે, જેવા બ્ર દ આણો બારણે. અનેક સતવાદી પેહેલો હોય, તુજ સમાન દીઠો નહી કોય. શાબાશ તારા પીતાન માત, સાબાશ તારી જુગતે જા ત, મંદીર જઈને મોજે કરો, આપુ વસ્ત્ર તે કરમાં ધરો. આલે ફળ મંદીરમાં થાપ. પ્રસવતી રાણીને આપ. સાત જનમની વં ઝા હશે, પુત્ર બત્રીસ લક્ષણો થશે, એ અમુલખ મોટી વસ્ત. હે તે આપું તારે હસ્ત. પુત્રને તેડી આવ્યો ત્યાંહે, વસે સીધનો ચે લો તાંહ, તેને આગતા સ્વાગતા બહુ કરી. રાખ્યા હેતે દેમાં ધ રી. અમરત મેવા આપ્યા હાર, જે નવ દીઠા કોઇ સંસાર. પ્રાત સકાળ થયો જાહરે. માગી વીદાય વીક્રમે તાહરે, કહે ચેલો સાંભ ળરે રાય, મોહોટો છે તારો મહીમાય તેં મુજ આગળ મેલ્યું શી શ, પણ નવ આણી મનમાં રીશ. કરયું વાલુ પરમારથ કામ, દુ ખ ભંજન તે તારૂં નામ. તાહારા પુન્ય તણો નહી પાર, આપુ વસ્ત તુજને એક સાર, સફળે ફળ લેઇને જાઓ. અંતકાળ અ

વે ત્યારે આઓ. વીઘન વળશે તહાં તમ તણું, થશે આવરદા અમણું ઘણું, દુરલભ છે દેવતાને એહ. નરપત તુજને આપું તેહ અમુલખ બે ત્યાં સાથ સપુત છે રાજાને હાથ થયું નગર ઉજે ણી જાણ, હરખે ગરગડીયાં નીશાન: નાહનું મોહોટું નગ્રહનું સહુ બાબત પુરપે વધાવે બહુ. દીઠો પુત્રને વાધ્યું હેત, નરનારી મા બાપ સમેત. રાજા આવી બેઠો પાટ, કરે વખાણ બોલે જસભા ટ. ખેર મેર કરીછે ઘણી, પોપટ આવી બેઠો હાથ, બોલ્યો વીક મ રાણુની સાથ. ફરી ફરી શું કહીએ તુને, શીર ઘાલી મુકયોછે મુને. માહારો અરથ તમથી કેમ સરે, કામ ઈશ્વર વીના કોણક રે. માટે મારૂં વચન તે જાય, કાહાડી મેહેલે મુજને તુ રાય; દા વાનળ માંહી જઈ અડું, કે વેણી માધવમાં જઈ પડુ. તાહારેવી કરમ રાજા હસે, બોલ શુકનો મનમાં વસે. અમુલખ વસ્તુ બે જ્યાં હતી, કીધી પોપટ આગળ છતી. એમાં ગુણછે ઝાઝા એહ, નરપતે સોંપા આણી નેહ, કહયો ગુણ બે ફળનો ઘણો. દીલ રી જો તે પોપટ તણો. રાજાને દીધી આશ શ, જીવે રાજા કરોડ બ ત્રીસ. નીત્ય નીત્ય કરે પરકામ, નવ ખંડમાં નીરમળ નામ, જેણુ કામ કરયું માહરૂં, ઈશ્વર નીત્ય કરે તાહરૂં. એ રીતે આપીઆ શીશ, ચાલ્યો પોપટ વણકની દીશ.

દોહરા–પોપટ ફળ લેઈ વળો, આવ્યો વણીકની પાસ,સે ઠ શેઠાણી રંગમાં, ત્રીજી મેનાં નાર. મુકયાં ફળ મુખ આગળે, મ નમાં થયો આણંદ, કળા વધી પોપટ તણી, જેમ અજવાળો ચં દ. પુસ્પ નક્ષત્ર રવીવારનું આપીયું, તેને દીન. પ્રારયું ફળ તે પ્રીતમાં ઊલટ આણી મન, ગરભ રહયો તે દીનથી પોતી મન ની આશ, માસ ચાર તે વીતીયા વીનતા મન વીશ્વાસ, વણીકત

ણા જે વાયદો નીશ્ચે આવ્યો નેટ, અધીક હેત આરોગીયો પ્રિતે માં પળ પેટ, વીધન વાલ્યુ તે શેઃનું ભોગવી રીધ ઘરસુત્ર. બત્રીસ લક્ષણો બહુ ગુણી,પ્રેમદા પામી પુત્ર, પોપટ પરણાવ્યો પ્રીતથી મેંના કેરે સાથ, અધીક હેતથી તે રહયો, હેતે હઇડું હાથ કહે પુતળી ભોજશું વીક્રમ મહીમા એહ; પાંથા સાટે લાગીયો તરત જ આપ્યા તેહ, તન વહાલુ નહી તેહને પપુ વહાલુ તેપ્યરથ, પરમારથ વાહાલુ ઘણું જે સાથે પર અરથ. એવાં જે પ્રાક્રમ કરે નીમેખ નરાખે નુન્ય, એ આસન એ બેસશે કરે જે એવાં પુન્ય.

ચોપાઈ—કહયાં પુતળીએ જે વરત, લખ્યાં પુરાણે પંડી તે તરત; સંસ્કૃત કાળીદાસે કહયાં, પ્રાકરત કથા તરે તે ગયાં, સંસ્કરત માંથી કહીએ જથા, પ્રાકરત કવીતાએ કથા, ભાટ ચારણ કવીજન કોડ, માગુ માન બેઉ કરજોડ. અક્ષર ભેદ ના જાણું અતી, જાણનાર સાચી સરસ્વતી. જે મત દીધી માવડી તેવી બુધ અકલ આવડી, સાંભળતામાં પાતીક જાય, કાયા નીરમળ તેની થાય સુણે શીખેને હેતે ગાય, પાંચે પાતીક તેનાં જાય. ભલી વાત ઉપર રહે ભાવ સ્વપનામાં નવ આવે તાવ, આપે એકને પામે લાખ, તેની વેદ પુરાણે છાપ. મુરખ વીદયા પામે ઘણી, ઇચ્વા આશા પુરે તે તણી નીરધન જન પામે તે ધન; વંઝા નારી પામે તે તન. પામે ભકત નારાયણનું નુર, સામદ ક્ષિત્રી પામે શુર. રોગી જન તે રોગ વામશે, ભરમતેજ ભરામણ પામશે. ભલીબુધ પામે તે ભાટ, ચારણ ચાતુરી કેરી વાત. કવી કહે હું સઉનો રાંક, ક્ષમા કરજો સઊ મારો વાંક. કપે પુતળી સાંભળ રાય, એવા થાઓ તો ધરજો પાય. એમ કહી આકાસે ગઇ, એહ કથા સંપુરણ થઇ. સામળભટ કપે કરજોડ, બોલો જયજય શ્રી રણછોડ.

ઈતી મેના પોપટની વારતા સંપુરણ

સમાપ્ત.



જાહેર ખબર.

સરવે લોકોને ખબર આપવામાં આવેછે કે આ છાપખાનામાં છાપવાનુ કામ ઘણું સારૂ અને કીફાયતથી છાપી આપવામાં આવશે.



આ ચોપડી શામટી લેનારને ઘણોફાયદો થશે.